# પરિપત્ર :-

નં. મકમા/ડીઓપ/૧/૪૭૬૮
નિયામક, સમાજ સુરક્ષા ખાતું,
ગુ.રા. જિલ્લા પંચાયત બિલ્ડીંગ,
સાતમે માળ, લાલ દરવાજા, અમદાવાદ.
તા. ૨૬/૩/૮૭

**વિષય:- વહીવટી સત્તાઓના અનુ. ૮ બાબત :-**

સમાજ સુરક્ષા ખાતા હેઠળ જિલ્લા કક્ષાએ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-કમ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને જિલ્લા ખાતેની સંસ્થા / કચેરીઓના સરળ અને સફળ સંચાલન માટે આ કચેરીના તા. ૧૪-૬-૮૨ ના આદેશ નં. મકમા/ડીઓપી/૫૧૧૬/ થી વહીવટી તેમજ નાણાકીય સત્તાઓ સુપ્રત કરતા હુકમ કરવામાં આવેલા છે. આ હુકમમાં વહીવટી સત્તાઓમાં અ.નં.૮ ઉપર દર્શાવેલ ભરતી અંગેની પસંદગી સમિતિની પુનઃ વિચારણા કરી, આ કચેરીના તા. ૨૮-૧૦-૮૬ ના આદેશ નં. મકમા/પીએફ/૯૩૨૭ થી પસંદગી સમિતિની પુનઃરચના કરતા હુકમો કરવામાં આવેલા છે.

ઉપરોક્ત તા. ૨૮-૧૦-૮૬ ના આદેશથી રચવામાં આવેલ ભરતી માટેની પસંદગી સમિતિ ફક્ત સરકારી સંસ્થા / કચેરીઓ પુરતી મર્યાદીત છે તેવી રજુઆત સ્વૈચ્છિક સંસ્થાઓના મેનેજમેન્ટ દ્વારા રવામાં આવી છે તેમજ સ્વૈચ્છિક સંસ્થાના વડા / આચાર્યોને સભ્ય તરીકે નીમવામાં આવ્યા હોવાની અને મેનેજમેન્ટને કોઇ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું ન હોવાની રજુઆત કરવામાં આવી છે.

ઉપરોક્ત વિગતો અને રજુઆતોને ધ્યાને લઇ આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે,

૧. તા. ૨૮-૧૦-૮૬ થી કરવામાં આવેલ ભરતી માટેની પસંદગી સમિતિના આદેશ આ ખાતા હેઠળ અનુદાન મેળવતી સંસ્થા / કચેરીઓને પણ લાગુ પડે છે.

૨. સ્વૈચ્છિક સંસ્થાઓ / કચેરીઓના વડાની નિમણુંક મેનેજમેન્ટ દ્વારા જ કરવામાં આવતી હોય છે, અથી આવી સંસ્થાઓ / કચેરીના વડાઓ / આચાર્યો / ને જે ભરતી અંગેની પસંદગી સમિતિમાં જે પ્રતિનિધિત્વ આપવામાં આવેલુ છે તે મેનેજમેન્ટના એક સભ્ય તરીકે જ છે. અથી મેનેજમેન્ટને અલગ પ્રતિનિધિત્વ આપવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ જે સ્વૈચ્છિક સંસ્થાઓ / કચેરીઓનો વહીવટ મેનેજમેન્ટ પોતે જ કરતી હોય તેમના પ્રતિનિધિ અને આવી સ્વૈચ્છિક સંસ્થાઓ / કચેરીઓમાં વડા અધિકારી હેડમાસ્તર / પ્રિન્સીપાલની નિમણુંક થયેલી ન હોય અથવા કોઇ કારણોસરની ગેરહાજરી હોય તેવા કિસ્સાઓમાં મેનેજમેન્ટ તેમની કારોબારીના પ્રમુખ / અથવા માનદ્ મંત્રી ઉપરાંત કારોબારીના એક સભ્યને ભરતી અંગેની પસંદગી સમિતિમાં સભ્ય તરીકે નીમી શકે છે.

નિયામકવતી,
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અસલપ્રત પર નિયામકશ્રીની
સહી છે.

પ્રતિ,

૧. સર્વે અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓને જાણ તેમજ કાર્યવાહી અર્થે.
૨. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને જાણ અર્થે.
૩. વડી કચેરી, અમદાવાદ ખાતેની સર્વે શાખાઓના વડા અધિકારીઓને જાણ તેમજ કાર્યવાહી અર્થે.